Extra No. 371

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] FRIDAY, NOVEMBER 28, 2025 / AGRAHAYANA 7, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધાં:-

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫.

(૪) રાજ્ય ચૂંટણી આયોગના માલપુર તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક યુ ૨-માલપુર તા.પં.૨૦૧૫, તા ૦૨/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના માલપુર તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક:-રાચઆ-સમક-યુનિટ ૯, માલપુર તા.પં, વારાફરતી ફાળવણી આદેશ, ૨૦૨૦, તા.૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫

ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/માલપુર તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ ૧૦/૨૦૨૫

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ, ગુજરાત પંચાયત અધિનિયમ,૧૯૯૩ (સને ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ માલપુર તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે માલપુર તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૫. આ સંબંધે માલપુર તાલુકા પંચાયત માટે વર્ષ-૨૦૨૦માં અનામત બેઠકોના વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી માલપુર તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા				સ્ત્રીઓ માટે અનામત બેઠકો			
			અ. જા.	અ. જ. જા.	સા. શૈ. પ. વર્ગ	સામાન્ય (બિનઅનામત)	અ. જા. (કોલમ નં. ૪ પૈકી)	અ. .જ. જા. (કોલમ નં. ૫ પૈકી)	સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી)	સામાન્ય (કોલમ નં. ૭ પૈકી)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અરવલ્લી	માલપુર	૧૬	૧	૧	૪	૧૦	૧	૦	૨	૫

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચનાઓ ધ્યાને લઈ માલપુર તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક તા.૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ માલપુર તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. માલપુર તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ/સમક/યુ-૨/માલપુર તા.પં./૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંકઃ રાચઆ/ચટણ/સમક/માલપુર તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ-૧૦/૨૦૨૫, તા.૨૮/૧૧/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ

જિલ્લાનું નામઃ અરવલ્લી **તાલુકા પંચાયતનું નામઃ માલપુર**

અ.નં	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
			સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩	૪ (૧)	૪ (૨)	૫ (૧)	૫ (૨)	૬
૧.	માલપુર	૧૬	૧	અણીયોર	૯	૧૨	બિન અનામત સામાન્ય
			૨	બામણી	૧૨	-	બિન અનામત સામાન્ય
			૩	ગોવિંદપુર	૧૫	૩	અનુસૂચિત આદિજાતિ
			૪	હેલોદર	૭	૧૩	સામાન્ય સ્ત્રી
			૫	ખલીકપુર	૧૩	૬	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૬	માલપુર	૧	૭	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૭	નાનાવાડા	૩	૧૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
			૮	નાથાવાસ	-	૧	સા.શૈ. પછાતવર્ગ
			૯	નવા	૬	-	સા.શૈ. પછાતવર્ગ
			૧૦	પરસોડા	૪	૧૦	બિન અનામત સામાન્ય
			૧૧	પીપરાણા	૧૦	૯	બિન અનામત સામાન્ય
			૧૨	રંભોડા	૧૧	૨	સામાન્ય સ્ત્રી
			૧૩	સખવાણીયા	૧૪	૮	બિન અનામત સામાન્ય
			૧૪	સાતરડા	૫	૫	સામાન્ય સ્ત્રી
			૧૫	ઉભરાણ	૨	૪	સામાન્ય સ્ત્રી
			૧૬	વાવડી	૮	-	સામાન્ય સ્ત્રી

આર. જી. ગોહિલ

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધાં:-

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫

(૪) રાજ્ય ચૂંટણી આયોગના મેઘરજ તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક યુ ૨-મેઘરજ તા.પં.૨૦૧૫, તા ૦૨/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના મેઘરજ તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક-રાચઆ-સમક-યુનિટ ૯, મેઘરજ તા.પં, વારાફરતી ફાળવણી આદેશ, ૨૦૨૦, તા.૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫.

ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/મેઘરજ તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ ૧૦/૨૦૨૫.

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ મેઘરજ તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે મેઘરજ તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૫. આ સંબંધે મેઘરજ તાલુકા પંચાયત માટે વર્ષ-૨૦૨૦માં અનામત બેઠકોના વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી મેઘરજ તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા				સ્ત્રીઓ માટે અનામત બેઠકો			
			અ. જા.	અ. જ. જા.	સા. શૈ. પ. વર્ગ	સામાન્ય (બિનઅનામત)	અ. જા. (કોલમ નં. ૪ પૈકી)	અ. .જ. જા. (કોલમ નં. ૫ પૈકી)	સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી)	સામાન્ય (કોલમ નં. ૭ પૈકી)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અરવલ્લી	મેઘરજ	૨૨	૧	૧૧	૨	૮	૦	૬	૧	૪

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા. સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચનાઓ ધ્યાને લઈ મેઘરજ તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક તા.૦૨-૦૨-૨૦૧૫ ની સૂચનાઓ ધ્યાને લઈ મેઘરજ તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. મેઘરજ તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુ-૨-મેઘરજ તા.પં.૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/મેઘરજ તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ-૧૦/૨૦૨૫
તા.૨૮/૧૧/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ

જિલ્લાનું નામ: અરવલ્લી **તાલુકા પંચાયતનું નામ: મેઘરજ**

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
			સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩	૪ (૧)	૪ (૨)	૫ (૧)	૫ (૨)	૬
૧.	મેઘરજ	૨૨	૧	બાંઠીવાડા	૧૦	૨૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૨	બેલ્યો	૧૨	૨૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૩	ભેમાપુર	૧૧	૧૪	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૪	ભુતીયા	૧	૧૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૫	ડામોરઢુંઢા	૧૪	૨૦	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૬	ગેડ	૭	૪	અનુસૂચિત આદિજાતિ
			૭	ઈસરી	૬	૧૧	સામાન્ય સ્ત્રી
			૮	જામગઢ	-	૨	અનુસૂચિત આદિજાતિ

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
			સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩	૪ (૧)	૪ (૨)	૫ (૧)	૫ (૨)	૬
			૯	કાલીયાકુવા	૯	૧૮	સા.શૈ. પછાતવર્ગ
			૧૦	કુણોલ	૩	૯	અનુસૂચિત જાતિ
			૧૧	લીંબોદરા	૮	૧૭	બિન અનામત સામાન્ય
			૧૨	મેઘરજ-૧	૨	૧૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૧૩	મેઘરજ-૨	૧૬	૧૫	સામાન્ય સ્ત્રી
			૧૪	મોટીમોરી	૪	૬	અનુસૂચિત આદિજાતિ
			૧૫	મોટીપંડુલી	૧૮	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
			૧૬	પંચાલ	૧૯	૩	અનુસૂચિત આદિજાતિ
			૧૭	પાણીબાર	૨૧	૧૦	સામાન્ય સ્ત્રી
			૧૮	રેલ્લાવાડા	૨૦	૭	સામાન્ય સ્ત્રી
			૧૯	શણગાલ	૫	૧૨	બિન અનામત સામાન્ય
			૨૦	સીસોદરા(અ)	૧૫	૧૩	બિન અનામત સામાન્ય
			૨૧	વૈયા	૧૭	૮	બિન અનામત સામાન્ય
			૨૨	ઝરડા	૧૩	૫	અનુસૂચિત આદિજાતિ

આર. જી. ગોહિલ

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૨૦૨૫

વંચાણે લીધાં:-

(૧) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત).

(૨) ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦.

(૩) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫.

(૪) રાજ્ય ચૂંટણી આયોગના ધનસુરા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન અને બેઠકો ફાળવણી અંગેના આખરી આદેશ ક્રમાંક: રાચઆ-સમક-યુ ૨-ધનસુરા તા.પં. ૨૦૧૫, તા. ૦૨/૦૯/૨૦૧૫.

(૫) રાજ્ય ચૂંટણી આયોગના ધનસુરા તાલુકા પંચાયતની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ ક્રમાંક:-રાચઆ-સમક-યુનિટ ૯, ધનસુરા તા.પં, વારાફરતી ફાળવણી આદેશ, ૨૦૨૦, તા.૦૯/૦૯/૨૦૨૦.

(૬) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)

(૭) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫.

ક્રમાંક: રાચઆ/ચટણ/સમક/ધનસુરા તા. પં./વારાફરતી ફાળવણી/યુનિટ ૧૦/૨૦૨૫

૧. ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો) અને તે હેઠળના નિયમોની જોગવાઈ મુજબ પંચાયતોની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને તેનું નિયંત્રણ રાખવાનું અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા, જેને લગતા આંકડા પ્રસિદ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસ્તી ગણતરી સને ૨૦૧૧ની વસ્તી આધારે, નક્કી કરવામાં આવેલ ધનસુરા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યાના આધારે ધનસુરા તાલુકા પંચાયતના મતદાર મંડળોનું સીમાંકન કરી, બેઠકોની ફાળવણી કરી વર્ષ ૨૦૧૫માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૩. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ-૪ની જોગવાઈ મુજબ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછી બીજી સામાન્ય ચૂંટણીમાં શક્ય હોય ત્યાં સુધી વારાફરતી (રોટેશન) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ તથા ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચના મુજબ બીજી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૫. આ સંબંધે ધનસુરા તાલુકા પંચાયત માટે વર્ષ ૨૦૨૦માં અનામત બેઠકોના વારાફરતી ફાળવણી અંગેનો આદેશ કરી વર્ષ ૨૦૨૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ હતી.

૬. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (સા. શૈ. પ. વર્ગ) માટે ફાળવવાની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકા બેઠકો સા. શૈ. પ. વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જે ધ્યાને લઈ વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ કેપીવી-૬-ડીસી-ઈએલસી-એલ-૪-ટીપી-૪-૨૦૨૫, તા.૨૩/૦૭/૨૦૨૫ થી ધનસુરા તાલુકા પંચાયતની કુલ બેઠકો, તે પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સા. શૈ. પ. વર્ગો (તે વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો અને બિનઅનામત બેઠકોની સંખ્યા નવેસરથી નક્કી કરી આપવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

જિલ્લો	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	ફાળવણી કરેલ બેઠકોની સંખ્યા				સ્ત્રીઓ માટે અનામત બેઠકો			
			અ. જા.	અ. જ. જા.	સા. શૈ. પ. વર્ગ	સામાન્ય (બિનઅનામત)	અ. જા. (કોલમ નં. ૪ પૈકી)	અ. .જ. જા. (કોલમ નં. ૫ પૈકી)	સા. શૈ. પ. વર્ગ (કોલમ નં. ૬ પૈકી)	સામાન્ય (કોલમ નં. ૭ પૈકી)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અરવલ્લી	ધનસુરા	૧૮	૧	૧	૫	૧૧	૧	૦	૩	૫

૭. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦ના નિયમ ૪ની જોગવાઈ ધ્યાને લેતાં રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.-૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા.૦૨-૦૨-૨૦૧૫ના ફકરા ૧૧ની સૂચનાઓ ધ્યાને લઈ ધનસુરા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકોની ફેરફાળવણી (રોટેશન) કરવાની થાય છે.

૮. સબબ, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ; ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (સુધારા સહિત); ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (મતદાર વિભાગોનું સીમાંકન) નિયમો, ૨૦૧૦; ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થાસ્વ-૧૩૯(૧)-૧૨૦૧૫-ક તા.૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ ધનસુરા તાલુકા પંચાયતની આગામી સામાન્ય ચૂંટણી માટે આ હુકમ સાથે સામેલ અનુસૂચિ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત), સ્ત્રીઓ માટે અનામત તથા બિન અનામત બેઠકોની ફાળવણી કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

૯. ધનસુરા તાલુકા પંચાયતના મતદાર મંડળોના સીમાંકન અંગેના આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-સમક-યુ-૨-ધનસુરા તા.પં. ૨૦૧૫, તા.૦૨/૦૯/૨૦૧૫ની સૂચનાઓ યથાવત રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાતના આદેશ ક્રમાંકઃ રાચઆ/ચટણ/સમક/ધનસુરા તા. પં./વારાફરતી ફાળવણી/ યુનિટ-૧૦/૨૦૨૫, તા.૨૮/૧૧/૨૦૨૫નું સાંધણ.

અનુસૂચિ

જિલ્લાનું નામઃ છોટા ઉદેપુર **તાલુકા પંચાયતનું નામઃ ધનસુરા**

અ.નં.	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યા	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો ખાસ ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
			સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩	૪ (૧)	૪ (૨)	૫ (૧)	૫ (૨)	૬
૧.	ધનસુરા	૧૮	૧	આકરૂન્દ	૧૫	૧	સામાન્ય સ્ત્રી
			૨	અંબાસર	૧૨	૧૩	બિન અનામત સામાન્ય
			૩	બારનોલી	૧૭	૬	બિન અનામત સામાન્ય
			૪	બીલવણીયા	૬	૧૫	સામાન્ય સ્ત્રી
			૫	બુટાલ	૨	૫	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૬	ધનસુરા-૧	૧	૩	અનુસૂચિત આદિજાતિ
			૭	ધનસુરા-૨	૪	૨	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૮	જામઠા	૧૬	૧૪	સા.શૈ. પછાતવર્ગ સ્ત્રી
			૯	ખડોલ	૩	૭	અનુસૂચિત જાતિ સ્ત્રી
			૧૦	ખીલોડીયા	૭	---	સા.શૈ. પછાતવર્ગ
			૧૧	નાણા	૧૦	---	સા.શૈ. પછાતવર્ગ
			૧૨	રાજપુર(વડા)	૧૮	૪	બિન અનામત સામાન્ય
			૧૩	રમાણા	૧૩	૧૨	બિન અનામત સામાન્ય
			૧૪	રમોસ	૫	૮	બિન અનામત સામાન્ય
			૧૫	શીકા	૯	૯	બિન અનામત સામાન્ય
			૧૬	શિણોલ	૧૪	૧૧	સામાન્ય સ્ત્રી
			૧૭	સીમલી	૧૧	---	સામાન્ય સ્ત્રી
			૧૮	વડાગામ	૮	૧૦	સામાન્ય સ્ત્રી

આર. જી. ગોહિલ

સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.12.05 14:24:58 IST